ગુજરાત સમાચાર
Last Update : 31 December, 2014 04:55 PM

PhotonDesign design clean, simple, standards compliant



# વાઇબ્રન્ટ ગુજરાતના રંગમાં ભંગ પડશે ૧૧મીએ ગાંધીનગરમાં ખેડૂતોની વિશાળ રેલી

## કિસાનસંઘ પાણીમાં બેસતાં સૌરાષ્ટ્ર સહિતના ખેડૂત સંગઠનો મેદાને પડયાં

### કપાસ-મગફળીના ભાવોથી માંડીને અન્ય પ્રશ્નોના મુદ્દે સરકાર સામે લડત આપવા ખેડૂત સંગઠ

અમદાવાદ , મંગળવાર



કપાસ- મગફળીના પોષણક્ષમ ભાવોને લઇને ભારતીય કિસાન સંઘે રાજ્યભરમાં આંદોલન છેડયું પણ રાજકીય દબાણને વશ થઇને આખરે સરકાર સાથે સમાધાન કરી લેવાની ફરજ પડી હતી. જોકે, કિસાનસંઘ પાણી બેસતાં સૌરાષ્ટ્ર ખેડૂત સંઘર્ષ સમિતી અને ગુજરાત ખેડૂત સમાજ સહિતના સંગઠનોએ ખેડૂતોના પ્રશ્ને લડત લડવા જાહેરાત કરી છે. એટલુ જ નહીં, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પ્રથમ દિવસે જ ગાંધીનગરમાં મહાત્મા મંદિર તરફ ખેડૂતો કૂચ કરશે. ખેડૂત આગેવાનોએ આક્ષેપ કર્યો છેકે, વાઇબ્રન્ટના નામે સરકાર લાખો કરોડોનો ખર્ચ કરીને તાયફા કરે છે તો બીજી તરફ ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બન્યાં છે ત્યારે સરકાર પાસે ખેડૂતો માટે પૈસા નથી.

કપાસ- મગફળીના ભાવ બજારમાં ગગડતાં ખેડૂતો આર્થિક રીતે પાયમાલ બન્યાં છે. ગુજરાત ખેડૂત સમાજ અને સૌરાષ્ટ્ર ખેડૂત સંઘર્ષ સમિતી દારા આયોજીત પત્રકાર પરિષદમાં એવુ જણાવાયું કે, કપાસ અને મગફળીના ભાવ ગગડયાં છે ત્યારે ખેડૂતોને મણદીઠ રૂા.૧ હજારનો ભાવ મળવો જોઇએ. ખેતી માટે નર્મદાનું પાણી મળતુ નથી તે નિયમિતપણે મળવું જોઇએ. ખેડૂત ફ્રેન્ડલી નિતી જાહેર કરવી જોઇએ. ભૂંડ અને નિલગાયથી ખેતીના નુકશાન બદલ વળતરની પોલીસી જાહેર કરવી જોઇએ.

ખેડૂત સંગઠનોના અગ્રણી સાગરભાઇ રબારી અને શિવલાલ વેકરિયાએ એવો આક્ષેપ કર્યો કે, ભારતીય કિસાન સંઘે ખેડૂતો સાથે વિશ્વાસઘાત કર્યો છે. સરકાર સાથે સમાધાન કર્યું છતાંયે આજે ય સૌરાષ્ટ્રભરમાં આંદોલન ચાલુ છે. હવે કિસાનસંઘનું અસ્તિત્વ જ ખતમ થયું છે. તેમણે એવી ચિમકી આપી કે, તા.૧૧મીએ વાઇબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે પ્રથમ દિવસે જ રાજ્યભરથી ખેડૂતો ગાંધીનગરમાં ઉમટી પડશે અને મહાત્મા મંદિર તરફ કૂચ લઇ જશે. જયાં સુધી ખેડૂતોના પ્રશ્નોનો હલ નહી આવે ત્યાં સુધી ખેડૂત આંદોલન જારી રહેશે. ખેડૂત સંગઠનોની આ ચિમકીને પગલે રાજ્ય પોલીસ તંત્રની ચિંતા વધી ગઇ છે. બીજી તરફ, ખેડૂતો લડતના મૂડમાં છે પરિણામે ખેડૂતો વાઇબ્રન્ટ ગુજરાતના રંગમાં ભંગ પાડવા મક્કમ છે.

Keywords amdavad,11gandhinagaramam,huge,rally,of,farmers,

0 Tweet 35 Like 0 +1 0

Post Comments

Your Name Your Email Your Location

GS Exclusive




Pause Previous Next

12345678910

Top Read News

દેવેન વર્મા ગુજરાતી ફિલ્મના શૂટીંગ માટે ૧૫ દિવસ વડોદરામાં રહ્યા..



હિંદી ફિલ્મોના સદ્ગત ચરિત્ર અભિનેતા દેવેન વર્મા ચાર દાયકા અગાઉ..
More...

Gujarat Samachar Plus

ગર્લ્સની સેફ્ટી માટે લેડી બાઉન્સર ખડેપગે